# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
# મોક્ષમાર્ગમાં ચલાવનાર આત્મજ્ઞાનીના સ્વરૂપનું વર્ણન 'સદ્ગુરૂ'

| | |
|---|---|
| અજ્ઞાનીના જ્ઞાનમાં (જાણકારી)પણ અજ્ઞાન છે. | જ્ઞાનીના અજ્ઞાનમાં (અજાણતાં)પણ જ્ઞાન છે. |
| અજ્ઞાનીની ક્રિયા સફળ છે. (પાપ-પુણ્યનું ફળ) | જ્ઞાનીની ક્રિયા અફળ છે. (પાપ-પુણ્યનાં ફળરહીત) |
| અજ્ઞાની અસંગમાં પણ સંગમાં રહે (એકાંતમાં પણ વિચારોથી સંગમાં) | જ્ઞાની સંગમાં પણ અસંગ રહે. (સમુહમાં પણ વિચારોથી એકાંતમાં) |
| અજ્ઞાની એક શંકાના નિવારણમાં અનેક શંકા ઉભી કરે | જ્ઞાની અનેક શંકાઓનું નિવારણ એક જવાબથી કરે. |
| અજ્ઞાનીની દ્ષ્ટિ ટોળા પર હોય | જ્ઞાનીની દ્ષ્ટિ પરિણામ પર હોય. |
| અજ્ઞાની એક કાર્યથી અનેક વિવાદો સર્જે | જ્ઞાની અનેક વિવાદોને એક કાર્યથી સમાવે. |
| અજ્ઞાની ચાર ગતિમાં ભવભ્રમણ કરાવે | જ્ઞાની પાંચમી (મોક્ષ) ગતિમાં લઈ જાય. |
| અજ્ઞાની શક્તિવર્ધક આહાર લે. | જ્ઞાની દેહ ટકાવવા આહાર લે. |
| અજ્ઞાનીની દેહાત્મ બુધ્ધિ હોય. | જ્ઞાનીની દેહાતીત બુધ્ધિ હોય. |
| અજ્ઞાની સંસારને જોઈ મોહ પામે. | જ્ઞાની સંસારને જોઈ વૈરાગ્ય પામે. |
| અજ્ઞાની સુતેલો સારો | જ્ઞાની જાગતા સારા. |
| અજ્ઞાની સંપ્રદાયના ભાગલા પાડે | જ્ઞાની સંપ્રદાયનું સ્થાપન કરે. |

## જૈનો જાગો
રમેશ વૈભાણી
લેખાંક : ૧૦

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુન: મુદ્રણ**

જીવ જે ભવમાં જ્ઞાની તરીકે જન્મે છે (જ્ઞાની બને છે) તેના પૂર્વના ભવોનાં આધ્યાત્મિક વિકાસક્રમની વિચારણા કરીએ.

જીવ પૂર્વના અજ્ઞાન અવસ્થાના ભવમાં લગભગ એક વખત શ્રી તીર્થંકર ભગવાનના સમવસરણમાં ગયેલો હોય છે અને ત્યાંથી ઓછામાં ઓછું કાળમર્યાદાનું સમકિત પ્રાપ્ત કરે છે. (પરમાત્માના સમવસરણનું અતિશય) કાળમર્યાદાના સમકિતને કારણે જીવ વધીને અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં મોક્ષ પામે છે. (નિગોદની યોનિ બંધ થાય છે). જીવ જાણતાં અજાણતાં શ્રી તીર્થંકર પરમાત્માના સમવસરણમાં જાય અને પરમાત્માનું એક વાક્ય પણ શ્રવણ કરે તો કંઇક પરિણામ (મોક્ષમાર્ગને લગતું) લઇને આવે છે. આ શ્રી તીર્થંકર પરમાત્માના અતિશય હોય છે. અજ્ઞાની જીવ અનેક ભવભવાંતર કરતો કરતો ક્યારેક શ્રી તીર્થંકર ભગવંતના આશ્રયે, ક્યારેક શ્રી કેવળી ભગવંતના આશ્રયે, ક્યારેક જ્ઞાનીના આશ્રયે અને ઉપાધ્યાયજીના આશ્રયે થોડું થોડું મેળવતા ગુણોની વૃધ્ધિ કરતો જાય છે અને કષાયોનું મંદપણું કરતો જાય છે અને બહિર્મુખીમાંથી અંતર્મુખી તરફ વળતો

*** સત્સંગ ***
**દરેક સવાલના જવાબ આપે**
**સવાલ વગરનું જીવન બનાવે**

જાય છે અને જ્યારે સત્યની ઝુરણાનો ગુણ બળવાનપણે પ્રાપ્ત થાય ત્યારે સાચું જાણવાની વૃત્તિ (આત્માનું કલ્યાણ) ધારણ કરે છે અને યથાશક્તિ આચરણ કરે છે અને દેહની, દેહને મળેલા નામની, અને માનની ઘણા ઘણા અંશે મંદતા જીવમાં આવે છે. અને આત્માની રૂચિ બળવાન બને છે. એ ક્રમ જીવ કોઇપણ જીવો થકી અને કોઇપણ ધર્મમાં અને કોઇપણ કુળમાં પ્રાપ્ત કરે છે. (જૈન કુળમાં બળવાન સંયોગો હોય છે.) એવી રીતે જીવ ભાવે માર્ગાનુસારીપણું પોતાની મેળે પણ પ્રગટ કરી શકે છે અને જ્ઞાનીના આશ્રયે સહજ સ્વરૂપે પ્રાપ્ત કરી શકે છે. ભાવે **માર્ગાનુસારીપણું (મુમુક્ષુપણું)** આવ્યા પછી જીવને નજીકના ભવોમાં જ્ઞાની પુરૂષનો યોગ થાય છે. અને સત્યની ઝુરણાના ગુણને કારણે જ્ઞાનીને ઓળખી શકે છે. અને

**મળે તે ખાવું તે જ્ઞાનીનું લક્ષણ**
**માંગીને ખાવું તે ...............**

સંસારનું અસારપણું અને અંતર્મુખીપણું હોવાથી જીવ જ્ઞાનીને આરાધી શકે છે. (શ્રધ્ધી શકે છે) એ આરાધનાના કારણે બાળજીવનો પુરૂષાર્થ અને જ્ઞાનીની કૃપાદ્ષ્ટિના કારણે જીવ સમકિત પ્રાપ્ત કરે છે. (વધીને પંદરભવની મર્યાદાવાળું). જીવ જ્ઞાનીના આશ્રયે હોવાથી માનબુધ્ધિ, સુખબુધ્ધિ અને સ્વાર્થબુધ્ધિનો ગ્રંથિભેદ કરે છે. જીવનું ભવભવાંતરનો મુખ્ય અવગુણ સ્વચ્છંદે ધર્મનું આચરણ કરવાનો દોષ જ્ઞાનીની કૃપાથી અને જીવના પુરૂષાર્થથી ટળી જાય છે. અને સમકિતના મુખ્ય ગુણો જીવમાં પ્રગટ થાય છે. સમકિતના મુખ્ય લક્ષણો જેવા કે :-

૧. ઇષ્ટદેવ પર બળવાન શ્રધ્ધા.

૨. નિમિત્તને દોષ ન દેવો પણ કર્મને મુખ્ય ગણે (ઇશ્વરની ઇચ્છા ગણે).

૩. સુખદુ:ખને સમદ્ષ્ટિએ લેવું.

૪. આત્માનું ભલું થાય એવા પ્રકારના ધર્મનું આચરણ કરવું.

૫. સંસારભાવમાં પ્રમાદ થવો.

૬. જાતિ સ્મરણ જ્ઞાન થવું. (સમકિતધારીને નિયમથી જાતિસ્મરણ જ્ઞાન થાય પણ જાતિસ્મરણજ્ઞાન વાળાને સમકિત થાય એવો કોઇ નિયમ નથી.)

૭. આત્મસ્વમાનની જાગૃતિ થાય છે. (એકભવનું યાચકપણું ટળવાથી ભવોભવનું યાચકપણું ટળે છે.)

૮. પાંચ ઇન્દ્રિયોના વિકારોમાં નિરૂત્સાહી થવું અને જગતના પોતાની સાથેના વ્યવહારમાં સર્વ જીવોની સહજ સ્વરૂપે **ક્ષમા લેવી અને ક્ષમા આપવી** એવા પ્રકારે સમકિતના મુખ્ય ગુણો પ્રગટ થાય છે. અને બીજા અનેક ગુણોનું ભાવિ લેખાંકમાં યોગે કરીને વિચારશું.

આવા પ્રકારે જીવ જ્ઞાનીના આશ્રયે સમકિત પ્રાપ્ત કરે છે. અને વધીને પંદર ભવમાં આવે છે.

સમકિત પછીના ભવમાં જીવ ધીમેધીમે ભવમર્યાદા ઘટાડતો જાય છે. અજ્ઞાને પણ જ્ઞાનમાં રહે છે. મોટાભાગના કર્મોની નિર્જરા કરે છે અને વેદે છે. તેની સામે નાના કર્મો બાંધે છે. અને જ્યારે આઠ (૮) ભવની અંદર આવે ત્યારે સમાધિમરણને પ્રાપ્ત કરે છે. (આત્મા દેહનું દર્શન કરે છે.) અને એક ભવનું સમાધિમરણ, ભવોભવનું સમાધિમરણ બને છે. (જેટલા ભવ બાકી હોય તે દરેક ભવે મરણ સમયે સમાધિ પ્રાપ્ત કરે છે.) દેહ છોડયાનો આનંદ હોય, દુ:ખ ન હોય, અને જીવ ત્યાંથી આગળ વધતા વધતા જ્યારે ત્રણ ભવ બાકી હોય ત્યાં સુધીમાં મોક્ષમાર્ગનો બધા જ પ્રકારનો પુરૂષાર્થ જીવે કરી લીધો હોય છે. (પાંચ ઇન્દ્રિયોના વિષયોનો વિકારભાવ, તેના કારણે થતા ચાર કષાય અને ચાર કષાયના કારણે થતા રાગ-દ્વેષની પ્રકૃતિના મૂળ પુરૂષાર્થથી કાપે છે.) અને બાકીના ત્રણ ભવ અથવા એક ભવમાં પ્રકૃતિમાં બચેલો રસ પૂર્ણ કરે છે. (જેવી રીતે ઝાડનું મૂળ કપાઇ જાય પછી ઝાડ એની મેળે સુકાઇ જાય એવી રીતે પ્રકૃતિનો રસ પૂર્ણ થાય છે.)

સમકિત પછી જીવને બાકીના કોઇપણ ભવમાં સદ્ગુરૂની જરૂર રહેતી નથી. સમકિતમાં સદ્ગુરૂના આશ્રયે જીવને જીવ-અજીવનું ભેદજ્ઞાન થાય છે. અલગ અલગ સંપ્રદાયમાં અલગ અલગ શબ્દો વપરાય છે. જેવા કે દ્ષ્ટિભેદ, ગ્રંથિભેદ વગેરે વગેરે. એક વખત થયેલું ભેદજ્ઞાન ભવોભવ સાથે

*** સત્સંગનું ફળ ***
**સર્વ સમય માટે આનંદની અનુભૂતિ કરાવે**
**આનંદ - આનંદ - આનંદ**

રહે છે. જીવ ભવોમાં અટકે ખરો પણ પડે નહિ તે મોક્ષમાર્ગની મુખ્ય વિશિષ્ટતા છે. માર્ગાનુસારીનો અનુભવ, સમકિતનો અનુભવ, આત્માસાક્ષાત્કારનો અનુભવ અને કેવળજ્ઞાનનો અનુભવ કોઇપણ કાળે

**જીવ અનંત ભવભ્રમણથી જ્ઞાન અને જ્ઞાનીથી અપરિચિત શા માટે?**
**કુળપરંપરાએ વર્તવું, લોક અભિપ્રાયે ચાલવું અને સત્યની ઝુરણાનો અભાવ.**

અને કોઇપણ ક્ષેત્રે, અને કોઇપણ વેશે સર્વ જીવોને એકસરખો હોય છે.

૧. માર્ગાનુસારીવાળા સર્વ જીવોને માર્ગાનુસારીનો અનુભવ એકસરખો હોય છે.

૨. સમકિતવાળા સર્વ જીવોને સમકિતનો અનુભવ એકસરખો હોય છે.

૩. આત્મસાક્ષાત્કારવાળા સર્વ જીવોને આત્મસાક્ષાત્કારનો અનુભવ એકસરખો હોય છે.

૪. કેવળજ્ઞાનવાળા સર્વ જીવોને કેવળજ્ઞાનનો અનુભવ એકસરખો હોય છે.

અનુભવદશા, જ્ઞાનદશા અને ગુણોનું પ્રકાશિતપણું એકસરખું હોય છે.

જીવને નિગોદમાંથી નીકળ્યા પછી નિયમથી એક ભવમાં ઉપદેશબોધ ગ્રહણ કરવો પડે છે. ભવોભવ કરવાની જરૂર નથી.

જીવે નિગોદમાંથી નીકળીને એક ભવ નિયમથી ચારિત્ર લેવું પડે છે. પછી કેવળજ્ઞાન સુધી ભવભ્રમણમાં ચારિત્ર લેવાની આવશ્યક નથી. પણ જો જીવ ચારિત્ર ગ્રહણ કરે તો આત્મકલ્યાણનું બળવાન કારણ બને. અને એને માટે સંસારની અપેક્ષાએ સાધુપણું આત્મકલ્યાણનું શ્રેષ્ઠ સાધન બને.

જીવ આવી રીતે આધ્યાત્મિક વિકાસ કરતો કરતો છેવટના ત્રણ ભવ બાકી રહે ત્યારે તે જ્ઞાની તરીકે જન્મે છે. આગળના લેખાંકમાં જીવ જ્ઞાની તરીકે જન્મ ધારણ કરે છે ત્યારે કેવા સ્વરૂપે જન્મે છે અને કેવા સ્વરૂપના પુરૂષાર્થ હોય છે અને કેવી રીતે જ્ઞાન પ્રકાશિત થાય છે અને શ્રી નમસ્કાર મહામંત્રના પાંચ પદનું ઉપકારીપણું સ્વીકારેલું કેવી રીતે પાછું વાળે છે. અને જ્ઞાનીના (આત્મજ્ઞાની, સદ્ગુરૂ, સંત) લક્ષણો, ગુણો, મોક્ષમાર્ગમાં કેવી રીતે ચલાવે છે. તેના પ્રગટ લક્ષણો બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય લક્ષણોનું આગળના લેખાંકમાં વિચારણા કરશું. સદ્ગુરૂના પ્રગટ અને અપ્રગટ લક્ષણોની વિચારણા કરશુ.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઇપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.